# રાષ્ટ્રીયવાદ અને સરદાર પટેલ

ડૉ.મીના આઈ. રાજપૂત
આસી.પ્રોફેસર, બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય,અમદાવાદ
Mo. 9978408916 Email:- meena.rajput@baou.edu.in

**હિરા કે વિના એરણી! વાચે માહિતી તો ઘણી,**
**તો ભિ મોલ થાવે ખરા, કરલિયા હોય સુરા !**

(હીરાને એરણ પર મૂકીને ઘણ મારે તોચે તે તૂટ્યો નથી એ જ અસલી કિંમત પામે છે,કૃત્રિમ હીરો ચૂરેચુરો થઈ જાય છે.)

ઘણના ઘા સહેવાવાળા હીરા સમાન વલ્લભભાઇ માટે તે સરદાર કહેવાયા.ગાંધીજીના યુધ્ધના તે બહાદુર અશ્વારોહી સૈનિક હતા. તે ગાંધીજીના શિષ્ય હતા, સેનાની પણ હતા, કસોટીના કોઈપણ મોકે તે કદી પાછા હટયા નહીં. નાની નાની વાતો ઈતિહાસના કાળમાં વહી જાય છે. તેમ છતાં સરદારની બે વાતો સદાય જીવંત રહેશે. **એક એમનો બારડોલીનો સત્યાગ્રહ અને બીજી વાત, એ ભારતનું અખંડ સંવિધાન"સરદાર બરોડાની જેલમાં વલ્લભ મટી બલ્લવ બન્યા હતા."**સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ 31, ઓક્ટોબર 1875 ના દિવસે મોસાળમાં મામાને ઘરે નડિયાદ મુકામે થયો હતો.તેમના પિતા ઝવેરભાઇ અને માતા લાડબાઈ સાથે ખેડા જીલ્લાના કરમસદ ગામે રહેતા હતા તેઓને ત્રણ ભાઈઓ (સોમાભાઈ,નરસિંહભાઈ, વિઠ્ઠલભાઈ અને એક બહેન દહીબા હતા.તેમના લગ્ન ઈ.સ.1993માં 18 વર્ષની વયે બાજુના ગામ (ગાના)માં રહેતા ઝવેરબા સાથે થયા હતા વલ્લભભાઇ એ પોતાનું શિક્ષણ કરમસદ,પેટલાદ અને બોરસદમાં પૂર્ણ કર્યું. તેઓએ મેટ્રીક પાસ કર્યા બાદ વકીલાત કરી ઘણા પૈસા કમાઈને ઈંગ્લેન્ડ બેરિસ્ટર બનવાની મહત્વકાંક્ષા હતી તેઓ એક કુશળ વકીલ તરીકેની નામના મેળવી વકીલાતની શરૂઆત તેઓએ ગોધરામાં કરી પોતાનું ગૃહસ્થ જીવન શરૂ કર્યું તેઓને બે સંતાન હતા ઈ.સ.1904 માં ડાહ્યાભાઈ નો જન્મ થયો અને ઈ.સ.1906 માં મણીબેનનો જન્મ થયો.વલ્લભભાઈ બેરીસ્ટર બની ઈ.સ.1913માં ભારત પાછા આવ્યા વલ્લભભાઇને અંગ્રેજી સરકારની નોકરી કરવી જ નહોતી તેઓ વકીલાતમાં ફોજદારી ક્ષેત્રમાં ઝંપલાવ્યુ અને તેમાં તેમને સફળતા મળી કુશાગ્ર બુધ્ધિ,વિલક્ષણ,વાક્ક્ચાતુર્ય અને વાદવિવાદની વિશિષ્ટ શક્તિને પ્રતાપે વકીલાતના ધંધામાં અગ્રિમ સ્થાન મેળવ્યુ હતુ.વલ્લભભાઇ ને રાજકારણમાં રસ નહોતો પરંતુ જે સોમ્ય શાંતિ માટે વકીલ વલ્લભભાઈનો આત્મા તલસતો તેની ઝાંખી ગુજરાતના એ કિશાનને થઈ અને રાજકારણથી દૂર રહેલા ગાંધીજીના ચંપારણમાના કાર્ય વિષે સાંભળી **ભારતવર્ષના તોફાની રાજકારણને અખંડ ભારત બનાવવાનો ભેખ ધારણ કર્યો.**

સરદાર વલ્લભભાઈ પટેલ એવી નોખી માટીના માનવી હતા જેઓએ જાહેરજીવનમાં લઘુમતી કે બહુમતીની રાજી–નારાજી અથવા હિન્દી કે મુસ્લિમ કટ્ટરપંથીઓના ગમા–અણગમાની પરવા કર્યા વિના કેવળ ન્યાયી ધોરણે પ્રજાના પ્રહરી તરીકે ફરજ નિભાવી હતી રાજ્યોના વિલીનીકરણ સમયે સરદાર અઢાર કલાક કામ કરતા દેશી રાજ્યોનું ભારત સાથેનું તેમનું જોડાણ અને તે પછીનું ભારત સાથેનું વિલીનીકરણ આ સમય દરમ્યાન દેશને અત્યંત મહત્વના પ્રશ્નોનો સામનો કરવો પડ્યો હતો તે તમામ સરદારનો ફાળો સૌથી મોટો અને સૌથી વધુ જોખમ ભર્યો હતો આવી મુશ્કેલીમાં પણ તેણે બધો ભાર ઉપાડવા અને થકવી નાખે તેવા સંજોગોમાં પણ શાંત અને સ્વસ્થ રહેવાની તેમની અદ્ભૂત શક્તિ,અત્યંત ગૂંચવાડાભર્યા મુદ્દાઓને પણ ઝડપથી સમજી લેવાનું વીજળી વેગે નિશ્ચયાત્મક ઉત્તર શોધી કાઢવાનું તેમનું સામર્થ્ય જેમની સાથે પોતાને કામ પડ્યું હોય તેવા આ મિત્રજનો અંગેની તેમની અદ્ભૂત રૂપમાં સાચી અને ક્ષતિરહિત મૂલ્યાંકન ક્ષમતા, તેમની અસાધારણ યાદશક્તિ, તેમની મહાન વહીવટી અને સંસ્થાકીય દક્ષતા, સ્પષ્ટ વક્તા તરીકેની તેમની હિંમત, તેમની મોહકતા અને કુનેહતા આ બધાએ તેમને કુશળતાપૂર્વક તેમજ અકલ્પ્ય એવી આસાનીથી કાર્યભાર ઉપાડી લેવા શક્તિમાન બનાવ્યા હતા. સરદાર પટેલ મૂળ અધિકારોની સમીતીના અધ્યક્ષ હતા તેમાં પણ તેમના જ્ઞાનની ઝલક જોવા મળતી હતી તેમણે અધિકારોને બે ભાગમાં વર્ગીકરણ કરવાનું સૂચન કર્યું .

- **મૂળ અધિકારો**
  (1) રાજનીતી
  (2) સામાજીક નાગરિક અધિકારોની વ્યવસ્થા
- **નીતી નિર્દેશક**
  (1) ગ્રામ્ય અર્થ વ્યવસ્થા
  (2) કૃષિ, પશુપાલન,પર્યાવરણ ને સામિલ કરવામાં આવ્યા

સરદાર પટેલ ભારતની મૂળ પરીસ્થિતિ ને ઊંડાણથી સમજતા હતા ને જાણતા હતા કે ભારતની અર્થ વ્યવસ્થાને ખેડીને (કૃષિને) યોગદાન મહત્વપૂર્ણ રહેશે અને દેશનો વિકાસ સમતુલિત રહેશે જેનાથી ગામડાના લોકો શહેરોમાં સ્થાનાંતર કરશે નહિ ગામડામાં રોજગારની ઉપલબ્ધિ થશે આઝાદી પછી ભારતની એકતાની ખૂબ મોટી સમસ્યા હતી દેશી રજવાડાઓની ઘણી બધી ક્ષતિ બતાવી દરેક સાથે સહજતાથી સાબિત થયા જે ન થયા ઈ.સ. 1947 માં ભારતદેશ આઝાદ થયા બાદ સ્વતંત્ર ભારત દેશી રજવાડામાં વિભાજીત થયેલા હતા ઈ.સ. 1947 ની 15મી ઓગષ્ટ લાર્ડ લુઈ માઈન્ટ બેટને તારીખ નક્કી કરી હતી કારણકે તે દિવસે બીજા વિશ્વ યુધ્ધમાં જાપાન 15 ઓગષ્ટ જાપાનને ઈ.સ.1945 માં સમર્પણ કર્યું હતુ ત્યારે માઈન્ટ બેટન સેનાની સાથે હતા તેઓએ આ વર્ષગાંઠને યાદગાર બનાવવા માટે 15 ઓગષ્ટ ઈ.સ.1947 મી તારીખે આપવામાં આવી હતી પરંતુ ભોપાલના

લોકોને ભારત સંઘમાં વિલિન કરવા માટે સરદાર પટેલે 562 દેશી રજવાડાઓને એકસૂત્ર કરવાની કુશળ કામગીરી સરદાર પટેલ દ્વારા કરવામાં આવી ત્યારે તેમને લોખંડી પુરુષ તરીકે ઓળખવામાં આવે છે.તેથી **31, ઓક્ટોબર રાષ્ટ્રીય એકતા દિવસ** તરીકે માનવામાં આવે છે

સરદારનો સંવિધાનમાં પણ મહત્વનું યોગદાન હતુ તેવું આંબેડકરજી પણ સ્વીકારતા હતા સંવિધાનના નિર્માણમાં 26 લોકોના યોગદાનથી ભારત દેશે ગણતંત્ર તરીકે સંવિધાનની પહેલી બેઠક 9, ડિસેમ્બર ઈ.સ. 1946 માં સંસદ ભવનના સેન્ટ્રલ હોલમાં મળી હતી સંવિધાનની સભામાં કુલ 389 સદસ્ય હતા આ દિવસે ફક્ત 200 થી વધારે સદસ્યો બેઠકમાં ઉપસ્થિત રહી શકયા હતા ઈ.સ.1947 દેશના વિભાજનના કરને કેટલાક રજવાડાઓ વિલીનીકરણ માટે સહમત ન હોવાના કરને સંખ્યા ઘટીને 299 હતી.દુનિયાના સૌથી મોટા લોકતંત્રના સંવિધાન નિર્માણ માટે સરળ કામ નહોતું સંવિધાનના નિર્માણમાં 2 વર્ષ 11 માસ અને 17 દિવસ લાગેલા 165 દિવસમાં કુલ 11 સત્ર બોલાવવામાં આવ્યા 29 ઓગષ્ટ ઈ.સ. 1947 સંવિધાન સભામાં સંવિધાનનો મુસદ્દો તૈયાર કરવા માટે ડો. આંબેડકરના નેતૃત્વમાં કમિટીનું ગઠન કરવામાં આવ્યું 26 નવેમ્બરે ઈ.સ.1949 માં સંવિધાનનો સ્વીકાર કરવામાં આવ્યો 24 જાન્યુઆરીએ 284 સદસ્યોને તેના પર હસ્તક્ષર કરી અપનાવવામાં આવ્યું 26 જાન્યુઆરી ઈ.સ.1950 સ્વતંત્ર ભારતનો સંવિધાન લાગુ કરી સભા ભંગ કરવામાં આવી. સરદાર વલ્લભભાઇ પટેલે ભારતમાં નવનિર્માણ ના કાર્યમાં મહત્વની ભૂમિકા અને **સાચા અર્થમાં તેઓ રાષ્ટ્ર શિલ્પી હતા.**

ઈ.સ.1930 માં દાંડીકુચ નું સમગ્ર આયોજન સરદાર પટેલ દ્વારા કરવામાં આવ્યું. બારડોલીના સત્યાગ્રહ ના **કુશળ નેતૃત્વના કારણે તેમને સરદારની ઉપાધી મળી.** ઈ.સ.1928 માં અંગ્રજોએ ગુજરાતના બારડોલી ગામમાં 30 પ્રતિશત લાગન વધારી દીધો હતો આ બાબતે સરદારે સરદાર પાસે લાગન ચોથુ વસૂલ કરવાની માંગ કરી પરંતુ કોઈ ફાયદો થયો નહિ ત્યારબાદ તેઓએ બારડોલી માં કર વસૂલીના વિરોધમાં સત્યાગ્રહ ની ઘોષણા કરી અને આ આંદોલન બિલકુલ પત્યુ નહિ અને અંગ્રેજ સરકારે ખેડૂતોની નીલામ કરાવેલી જમીન પછી અપાવી અને સત્યાગ્રહી બંદીઓને છોડાવવા માટે સાથે સાથે લગાન માં પણ કમી કરી આવી. તેઓ કહેતા કે આ ધરતી પર કોઈને છાતી કાઢીને ચાલવાનો અધિકાર હોય તો તે માટી સાથે મજૂરી કરીને ધાન પકવનાર મજૂર બેઉને જ છે. આ જીતને "**બારડોલી વિજય દિવસ તરીકે** મનાવવામાં આવે છે."

13,નવેમ્બર ઈ.સ 1947 પછી સરદાર જયારે સોમનાથ (પ્રભાસપાટણ) આવ્યા સોમનાથનું ભગ્ન મંદિર જોઈ રાષ્ટ્ર ભક્ત, સમાજવાદી સરદારનું અંત:કરણ કઠળી ઉઠ્યું તેઓ દરિયા કિનારે ગયા હાથમાં સમુદ્ર જળની અંજલિ લઈ સોમનાથના જીર્ણોદ્ધારનો સંકલ્પ કર્યો ત્યાં યોજાયેલ જાહેર સભામાં જય સોમનાથનો બુલંદ સ્વર ગાજ્યો આ વાત ગાંધીજીના કાને ગઈ તેમણે સરદારને જીર્ણોદ્ધાર,પોતાના પૈસે કરજો,સરકારીના પૈસે નહિ

સરદાર સમંત થયા ગાંધીજી એ કહયુ કે." **પોતાના આસ્થા કેન્દ્ર માટે પોતે પુરુષાર્થ કરીએ તો જ અસ્મિતા પ્રગટે."** જોત જોતામાં 25 લાખ ભેગા થઈ ગયા અને 15 ડિસે– ઈ.સ.1950 ના સરદાર પટેલના છેલ્લા શ્વાસના 145 દિવસ પછી 21 મે ઈ.સ.1951 ના દિવસે સોમનાથ મંદિરમાં ગર્ભગૃહમાં જ્યોતિર્લિંગની પ્રાણપ્રતિષ્ઠા થઈ અને **સરદારનું સ્વપ્ન સાકાર થયું.**

સરદાર વલ્લભભાઇ પટેલ પ્રસિધ્ધ સ્વતંત્રતા સેનાની તથા સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહમંત્રી હતા એ સરદાર પટેલના ઉપનામથી પ્રસિધ્ધ હતા.સરદાર પટેલ ભારતીય બેરિસ્ટર અને પ્રસિધ્ધ રાજનેતા હતા.ભારતના સ્વાધીનતા સંગ્રામ દરમ્યાન ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નેતાઓમાંથી એક હતા ઈ.સ.1947 માં ભારતની આઝાદી પછી ત્રણ વર્ષ એ ઉપપ્રધાન મંત્રી,ગૃહમંત્રી,સુચનામંત્રી અને રાજ્યમંત્રી રહ્યા હતા સ્વતંત્રતા પ્રાપ્તિ પછી લગભગ 500–600 જેટલાં દેશી રિયાસતો નું એકીકરણ એ સૌથી મોટી સમસ્યા હતી કુશળ કુસ્તીની અને જરૂર પડે ત્યારે સૈન્ય હસ્તક્ષેપથી સરદાર પટેલે એ અધિકાંશ રિયાસતોને સ્વતંત્રના નેજા હેઠળ લાવવામાં સફળતા પ્રાપ્ત કરી હતી આવી દુષ્કર અને જટિલ ઉપલબ્ધિ માટે એમને **લોહ પુરુષ અથવા વિસ્માર્કની ઉપાધિથી એમને સન્માનિત કરવામાં આવ્યા.** સરદાર વલ્લભભાઇ એક સાચા સમાજવાદી હતા તેઓ પાસે કોઈ મિલકત ન હતી મૃત્યુના બે દિવસ પહેલા એક પેટી તેમણે પોતાની પુત્રી મણીબેનને સુપ્રત કરી ત્યારે તેઓને તેમના મૃત્યુ પછી જવાહરલાલ નહેરુને પેટી સુપ્રત કરવા જણાવેલ તેઓએ મણીબેનની હાજરીમાં તે પેટી ખોલી ત્યારે તેમાંથી રૂ. 20 લાખ રૂપિયાની માતબર રાશી નીકળી જે જવાહરલાલ નહેરુ એ કોહરિન ચૂંટણી ફંડમાં તેનો ઉપયોગ કર્યો એમને મરણોપરાંત વર્ષ **ઈ.સ.1991 માં ભારતનું સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન આપવામાં આવ્યો.** જે સાચા અર્થમાં વ્યાજબી જ છે.

સરદાર પટેલને 3 માસ સુધી નઝરવશ રાખવામાં આવ્યા રૂ.500 દંડ ભરાવીને છોડી મુકવામાં આવ્યા. ઈ.સ.1950 સુધીમાં તો સરદાર પટેલની હાલત બહુજ નાજુક થઈ હતી અને 15 ડીસેમ્બર ઈ.સ.1950 ના રોજ મુંબઈમાં હૃદય ઘાતને કારણે એમનું મૃત્યુ થઈ ગયુ તે વખતે તેમની ઉંમર 75 વર્ષની હતી એમની અંતિમયાત્રામાં 10 લાખથી પણ વધારે જનમેદની હતી સરદાર પણ માટીમાં વિલીન થઈ ગયા.

**સંદર્ભસૂચી –**

કીર.ધનંજય(1993)ડૉ.આંબેડકર જીવન અને કાર્ય,નવભારત સાહિત્ય મંદિર,ફાગુન ગ્રાફિક્સ.

ખમાર.પ્રભાકર(2005) સરદાર પટેલ,નારણપુરા,સરકારી મધ્યસ્થ પ્રેસ,ક્રિષ્ના ગ્રાફિક્સ.

ગોહિલ.નાથાલાલ(2006)ભારત રત્ન ડૉ.ભીમરાવ આંબેડકર,હર્ષ પ્રકાશ–પાલડી,ભગવતી ઓફસેટ.

બારોટ.કે.સી.(2011)ભારતનું બંધારણ સંક્ષિપ્તમાં,અક્ષર પબ્લીકેશન,આશિષ ઓફસેટ.